અનુ.જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન સહાય.

ગુજરાત સરકાર

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક;-એસસીડબલ્યુ-૧૨૮૦-૮૨૨૧૭;૫૩૦૭;-જ

સચિવાલય,ગાંધીનગર.

તા;-૨૨-૧-૧૯૮૧

વંચાણેલીધા:-

૧. શિક્ષણ અને મજુર વિભાગનો ઠરાવ ક્રમાંક;.બીયુડી-૧૦૭૧-૯૭૯૩૦-જ,તા;-૨૫-૦૮-૭૨

૨. શિક્ષણ અને મજુર વિભાગનો ઠરાવ ક્રમાંક ;બીયુડી-૧૮૭૧-૯૬૭૪૨-જ.

3. સમાજ કલ્યાણ નિયામક,અમદાવાદનો પત્રનં.સિકાયોજના-૩૪૮૨-૭૩-૨,તા.૭-૮-૮૦

ઠ રા વ

આમુખમાં જણાવેલ તા.૨૫-૮-૭૨ના ઠરાવથી અનુ.જાતિ,જનજાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન સહાય આપવાની યોજના અમલમાં છે.તેમુજબ જેમની વાર્ષિક આવક રૂ.૨૦૦૦/-( રૂપિયા બે હજાર) થી વધતી ન હોય તેવા અનુ.જાતિના લોકોને રૂ. ૧૨૦૦/-ના ખર્ચની મર્યાદામાં ૭૫ ટકા પ્રમાણે રૂ.૯૦૦/- જેટલી રકમ સબસીડી તરીકે આપવામાં આવે છે. પરંતુ મકાન બાંધકામના માલ-સામાન વગેરેના ભાવ વધારાને કારણે ઉપરોકત યોજના મુજબના નાણાકીય મર્યાદામાં મકાન બાંધવાનું મુશ્કેલ છે.આથી પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈ આ યોજનામાં નાણાકીય મદદના ધોરણમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી., વિચારણાને અંતે અનુ.જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન બાંધવાની યોજના માટે નીચે પ્રમાણે નાણાકીય સહાયનું ધોરણ આથી ઠરાવવામાં આવે છે.

૧. રૂ.૧૨૫૦/- સબસીડી સહાય

૨. રૂ.૧૨૫૦/- વ્યાજ મુકત લોન

3. રૂ.૫૦૦/- -લાભાર્થીનો શ્રમ ફાળો

કુલ રૂ.3,000/- (ત્રણ હજાર)

આ યોજનોનો લાભ લેનાર લાભાર્થી જો લોન લીધા સિવાય મકાન બનાવવા માંગે તો તે મકાન બાંધી શકે જેમાં સબસીડીની રકમ લાભાર્થીઓને મળવાપાત્ર થશે. આ યોજના મુજબ જે લાભાર્થીની કુંટુંબની બધા સાધનોમાંથી આર્થિક આવક રૂ. ૪૨૦૦/- સુધીની હોય,તેમને આ યોજનાનો લાભ મળવા પાત્ર થશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર''૨૮૮'' સોશ્યલ સિક્યુરીટી એન્ડ વેલ્ફેર-એસ.સી.એસ.ટી એન્ડ.-ઓબીસી-હેઠળ ઉધારવો તેમજ ચાલુ વર્ષ-૧૯૮૦-૮૧- ગૃહ નિર્માણ યોજના હેઠળ થયેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ નાણાકીય સલાહકારશ્રીની આ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઈલ પરની તા.૧૫-૦૧-૧૯૮૧થી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયની રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ર.પ.વ્યાસ

ઉપ સચિવ

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ